જિલ્લાની પાંચ બેઠક પર ૧૨૮ ઉમેદવારીપત્રો ભરાયા

અંતિમ દિવસે ૯૭ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી : સૌથી વધુ ઉમેદવારી પત્રો માણસા બેઠક પર ભરાયા : માણસામાં ૩૮, ગાંધીનગર (ઉ)માં ૨૫, કલોલમાં ૨૮, ગાંધીનગર (દ) પર ૧૯, દહેગામમાં ૧૮ ઉમેદવારી પત્રો ભરાયા : પ્રાદેશિક પક્ષો પણ મેદાનમાં

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠક માટે કુલ ૧૨૮ ઉમેદવારી પત્રો ભરાયા છે. આજે ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે ૯૭ ઉમેદવારી પત્રો ભરાયા હતા. જ્યારે અગાઉના દિવસ દરમ્યાન ૩૧ ફોર્મ ભરાયા હતા.

આજે ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે સવારથી જ તંત્ર સમક્ષ ઉમેદવારી નોંધાવવા માટે ઉમેદવારો હાજર થઈ ગયા હતા. એક-બે ચૂંટણી અધિકારીઓએ તો ઉમેદવારી પત્ર ભરનારાઓના ધસારાને ન્યાય આપવા માટે ટોકન પ્રથા પણ અમલી બનાવી હતી.

આજે સૌથી વધુ ફોર્મ માણસા બેઠક પર ૩૨ ભરાયા હતા. જ્યારે દહેગામમાં ૧૪, ગાંધીનગર (દ)માં ૧૩, ગાંધીનગર (ઉ)માં ૧૫ અને કલોલમાં ૨૩ ઉમેદવારીપત્રો ઉમેદવારોએ ભર્યા હતા

જે ૧૨૮ ઉમેદવારી પત્રો ભરાયા છે તેમાં સૌથી વધુ માણસામાં ૩૮, કલોલમાં ૨૮, ગાંધીનગર (ઉ)માં ૨૫, ગાંધીનગર (દ)માં ૧૯, દહેગામમાં ૧૮ ઉમેદવારી નોંધાઈ છે. કેટલીક બેઠકો પર ભાજપ-કોંગ્રેસના ડમી ઉમેદવારો ઉપરાંત ત્રણ થી ચાર-ચારના સેટમાં ઉમેદવારી પત્રો ભર્યા છે.

ગાંધીનગર (ઉ) બેઠક પર ભાજપ, કોંગ્રેસ, એન.સી.પી. ઉપરાંત જનવિકલ્પ, લોક વિકાસ મંચ તેમજ ૭ અપક્ષ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી.

ગાંધીનગર (દ) બેઠક પર શિવસેના, લોકવિકાસ મંચ, સરદાર વલ્લભભાઈ પટેલ પાર્ટી, બહુજન મુક્તિ પાર્ટી, ભાજપ, કોંગ્રેસ અને ૪ અપક્ષોએ આજે ઉમેદવારી નોંધાવી છે.

માણસા બેઠક પર ભાજપ, કોંગ્રેસ, જનતાદળ(યુ), એન.સી.પી., બસપા, આપની સરકાર પાર્ટી ઉપરાંત ૧૭ અપક્ષ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

દહેગામ બેઠક પર ઈન્સાનિયત પાર્ટી, ભાજપ, જનવિકલ્પ, કોંગ્રેસ તેમજ ચાર અપક્ષ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી.

કલોલ બેઠક પર ભાજપ, કોંગ્રેસ, જનસત્યપથ પાર્ટી, જનતાદળ (યુ) બસપા, એન.સી.પી. તેમજ ૭ અપક્ષ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી.

આજે ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ હતો અને હવે મંગળવારે ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરવામાં આવશે. જે સાંજ સુધીમાં સંપન્ન થઈ જશે.

જિલ્લામાં જે રીતે ઉમેદવારીપત્રો ભરાયા છે તે સંખ્યાને જોતાં બે થી ત્રણ બેઠકો પર બે ઈ.વી.એમ. ઉપયોગમાં લેવાશે તે ગણિત રાજકીય વર્તુળોમાં મંડાઈ રહ્યા છે. જો કે અપક્ષ ઉમેદવારોને સમજાવવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જો કે ૩૦મીએ આ અંગેનું ચિત્ર સ્પષ્ટ થશે તેમ મનાઈ રહ્યુ છે.

આજે ઉમેદવારીપત્ર ભરવાનો પ્રથમ તબક્કો પૂર્ણ થતાં જ જિલ્લામાં રાજકીય કાર્યકરોની દોડધામ વધી જવા પામી છે.

જિલ્લાની કઈ બેઠક પર કેટલા ફોર્મ

નામ	સંખ્યા
દહેગામ	૧૮
કલોલ	૨૮
માણસા	૩૮
ગાંધીનગર(ઉ)	૨૫
ગાંધીનગર(દ)	૧૯
કુલ	૧૨૮

જિલ્લાની બેઠકો પરના માન્ય પક્ષોના ઉમેદવારો

● દહેગામ

(૧)	કામીની બા રાઠોડ	ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ
(૨)	બલરાજસિંહ ચૌહાણ	ભા.જ.પ.
(૩)	વિનુભાઈ અમીન	જન વિકલ્પ
(૪)	ઠાકોર જેણાજી રૂમાલજી	ઈન્સાનિયત પાર્ટી
(૫)	સોનારા રમણકુમાર	બસપા

● ગાંધીનગર (દ)

(૧)	શંભુજી ઠાકોર	ભાજપ
(૨)	સંજયભાઈ ચૌહાણ	શિવસેના
(૩)	અજીતસિંહ ગોહિલ	લોક વિકાસ મંચ
(૪)	કેયુર આચાર્ય	બહુજન મુક્તિ પાર્ટી
(૫)	સિંહ પ્રદીપકુમાર	સરદાર વલ્લભભાઈ પટેલ પાર્ટી
(૬)	ગોવિંદજી સોલંકી	ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ

● ગાંધીનગર (ઉ)

(૧)	અનિલ કક્કડ	લોકવિકાસ મંચ
(૨)	અશોકભાઈ પટેલ	ભાજપ
(૩)	સી.જે. ચાવડા	ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ
(૪)	કરણસિંહ વાઘેલા	જન વિકલ્પ
(૫)	નાયાણી રોહિતભાઈ	એન.સી.પી.
(૬)	ગોવિંદભાઈ રાઠોડ	બ.સ.પા.
(૭)	ગુણવંતભાઈ પટેલ	આમ આદમી પાર્ટી
(૮)	વિપુલચંદ્ર મુછડીયા	રાષ્ટ્રીય જનક્રાંતિ પાર્ટી

● કલોલ

(૧)	પરમાર જીતેન્દ્રભાઈ	બહુજન મુક્તિ પાર્ટી
(૨)	ડૉ. અતુલભાઈ પટેલ	ભાજપ
(૩)	ઠાકોર બળદેવજી ચંદુજી	ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ
(૪)	કનુભાઈ પટેલ	જન સત્ય પથ પાર્ટી
(૫)	ચૌહાણ યુસુફભાઈ	જનતાદળ(યુ)
(૬)	ઉપાસક મહેન્દ્રશીલ એસ.	બસપા
(૭)	કરશનજી ઠાકોર	એન.સી.પી.

● માણસા

(૧)	અમૃતભાઈ પટેલ	ભારતીય રાષ્ટ્રવાદ પાર્ટી
(૨)	વિઠ્ઠલભાઈ પ્રજાપતિ	આપની સરકાર પાર્ટી
(૩)	મહેન્દ્રકુમાર એસ. પરમાર	બસપા
(૪)	સુરેશભાઈ પટેલ	ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ
(૫)	અમીતભાઈ ચૌધરી	ભાજપ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઘ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

પ્રજા મને ચોક્કસ બહુમત આપશે : અશોક પટેલ

કેસરી ટોપી, ઝભ્ભા અને સાફામાં સજ્જ ભાજપના ગાંધીનગર ઉત્તરના ઉમેદવાર અશોક પટેલે વાજતે ગાજતે ઉમેદવારી પત્ર ભર્યુ

ગાંધીનગર તા ૨૭

વિધાનસભાની ચુંટણીમાં ગત મોડીરાત સુધી બન્ને પક્ષો દ્વારા તબક્કાવાર ઉમેદવારોના નામ જાહેર કરવાનો સિલસિલા યથાવત રહયો

હતો. જો કે મોડા સુધી ગાંધીનગર ઉત્તરની બેઠક પરથી કોઈ નામ જાહેર થયુ ન હતુ કોંગ્રેસ તેમજ ભાજપ બન્ને પક્ષે આ હાલત રાજકીય વર્તુળમાં પણ ચર્ચાનુ કારણ બની હતી. આખરે પરોઢના સમયે ભાજપના ઉત્તરની બેઠકના સિટીંગ એમ એલ એ અશોક પટેલને રીપીટ કરવાની જાહેરાત થતા મોડી રાત્રે સે-૧૭ : ૨૨ પાસે આંતશબાજી કરવામાં આવી હતી. ભાજપના ઉમેદવારની જાહેરાત થતા કાર્યકરોમાં પણ ઉત્સાહનો માહોલ છવાયો હતો. આજે સે-૧૬ ખાતે ભાજપના મધ્યસ્થ ચુંટણી કાર્યાલયનો પણ પ્રારંભ કરવામાં આવ્યો હતો. જયારે આ કાર્યાલયેથી ઉત્તરના ઉમેદવાર બેન્ડની સુરાવલી વચ્ચે વાજતે ગાજતે સમર્થકો સાથે ફોર્મ ભરવા જિલ્લા કલેકટર કચેરી પહોંચ્યા હતા. વિજય મુહુર્તમાં ફોર્મ ભરવા આવેલા અશોક પટેલ સાથે ભાજપના સિનિયર નેતા આઈ કે જાડેજા , પુર્વ સહકાર મંત્રી વાડીભાઈ પટેલ પુર્વ જિલ્લા ભાજપ પ્રમુખ અશોક ભાવસાર,શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્ર દાસ ઉપપ્રમુખ ઉરેન પટેલ સહીત અન્ય પદાધિકારીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહયા હતા. ભારત માતા કી જય અને ભાજપ જિન્દાબાદ ના નારા સાથે ફોર્મ ભર્યુ હતુ. કેસરી ટોપી અને ઝભ્ભામાં સજ્જ ભાજપના આગેવાનો સાથે ઉમેદાવારોએ પણ કેસરી ઝભ્ભો અને સાફો ધારણ કર્યો હતો. કમળન ચિન્હની ધ્વજા લહેરાવતા કાર્યકરોમાં પણ અનોખો ઉત્સાહ જોવા મળતો હતો. જિલ્લા કલેકટર કચેરીનુ સંકુલ ઢોલનગારા સાથે સુત્રોચ્ચારથી ગુંજી ઉઠયુ હતુ. ગાંધીનગર ઉત્તરની બેઠકમાં ઉમેદવારી જાહેર કરવામાં છેક સુધી સસ્પેન્સ જળવાઈ રહેતા અચાનક જ વર્તમાન ધારાસભ્યને રીપીટ કરવાની જાહેરાતના લીધે ઉત્તેજના વધુ પ્રબળ બની હતી. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન સતત વિકાસના કામો કર્યા છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

મેયર અને ડેપ્યુટી મેયર તેમજ પુર્વ મેયરની સુચક ગેરહાજરી !!

ગાંધીનગરમાં ઉત્તર અને દક્ષિણના ભાજપના ઉમેદવારો ફોર્મ ભરવા આવ્યા ત્યારે આઈ કે જાડેજા અને વાડીભાઈ પટેલ સહીતના સિનિયર નેતા હાજર રહયા હતા.જયારે શહેરના સ્થાનિક ભાજપી નેતાઓની સુચક ગેરહાજરી પણ વર્તાઈ હતી. ગાંધીનગર મહાનગરના પદાધિકારીઓથી લઈ કોર્પારેટર અને ગુડાના ચેરમેન આશિષ દવે પણ હાજર રહયા હતા. ત્યારે ગાંધીનગરના મેયર પ્રવિણ પટેલ ,પુર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા તેમજ ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા સહીતના ભાજપના નેતાઓ ગેરહાજર રહયા હતા. આ સમયે સ્થાનિક અગ્રણી નેતાઓની ગેરહાજરી પણ ચર્ચાનો વિષય બની હતી.

વર્ષોના વિકાસ કામો વિજય અપાવશે : શંભુજી ઠાકોર

ઉમેદવારીપત્ર ભર્યા બાદ આત્મવિશ્વાસ વ્યક્ત કરતા શંભુજી

ગાંધીનગર તા ૨૭

વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી ગાંધીનગર ઉત્તર અને

દક્ષિણની બેઠક માટે ગત મોડી રાત સુધી ઉમેદવારોના મામલે સસ્પેન્સ યથાવત રહયુ હતુ. આખરે પક્ષે વહેલી સવારે બન્ને ઉમેદવારોન રીપીટ કરવાની જાહેરાત કરી હતી. જેના લીધે અન્ય અપેક્ષિત ઉમેદવારોના નામોનો છેદ ઉડી ગયો હતો. ગાંધીનગર ઉત્તર અને દક્ષિણના ઉમેદવારોએ આજે બપોરે ૧૨ : ૩૯ કલાકન વિજય મુહુર્તમાં ગાંધીનગર કલેકટર કચેરીએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી. જેમાં દક્ષિણની બેઠકમાંથી હાલના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરે ઉમેદવારીપત્ર ભર્યુ હતુ. કેસરી ખેસ ધારણ કરીને ફોર્મ ભરવા આવેલા શંભુજી ઠાકોર સાથે મોટી સંખ્યામાં ભાજપના આગેવાનો તેમજ કાર્યકરો સાથે રહયા હતા.

આ તબક્કે તેમણે જણાંવ્યુ હતુ કે આટલા વર્ષોમાં જે વિકાસના કામો કર્યા છે. પ્રજા તેની નોંધ લે છે. જયારે માત્ર ગાંધીનગરમા જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટી ૧૫૦ થી વધુ બેઠકો પર જીત હાંસલ કરશે. ત્યારે ગાંધીનગર દક્ષિણની બેઠક પર ફરીએકવાર ભાજપને બહુમત મળશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યકત કર્યો હતો.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com